ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2278/04/2024** **તા.01-04-2024**

## સુરત ખાતે સુકન્યા સમૃદ્ધી સ્નેહમિલન કાર્યક્રમ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની ઉપસ્થિતિમા યોજાયો.

----

## સુકન્યા સમૃદ્ધી યોજના દિકરીઓને લગ્નના સમયે ખૂબ કામ લાગે છે. – શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, સુરત ખાતે સુકન્યા સમૃદ્ધી સ્નેહમિલન કાર્યક્રમ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની ઉપસ્થિતિમા યોજાયો.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, સુકન્યા સમૃદ્ધી યોજના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ 2015મા શરૂ કરી હતી. આ યોજનામા સૌથી વધુ 7.6 ટકાનુ વ્યાજ મળે છે આ યોજના પાછળનો ઉદ્દેશ પણ સૌએ સમજવો ખૂબ જરૂરી છે. મોદી સાહેબે દિકરીઓની સંખ્યા વધે તે માટે ઘણા પ્રયાસ કર્યા તેમજ મહિલાઓને સુરક્ષા મળે,આર્થિક રીતે સદ્ધર થાય તે માટે પ્રયાસ કર્યા છે. સુકન્યા સમૃદ્ધી યોજનાથી દિકરીઓને લગ્નના સમયે ખૂબ કામ લાગે છે. આ યોજનામા વર્ષે 250 અથવા 500 રૂપિયા ભરી શકાય છે. આ યોજનામા દસ વર્ષથી નાની દીકરી હોય તેમને યોજનાનો લાભ મળે છે. આ યોજનાથી દિકરીઓને ઘણો લાભ થાય છે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી મહિલાઓની સુરક્ષા અંગે કામ કરતા આવ્યા છે અને લોકસભા અને રાજયસભામા પણ 33 ટકા અનામત આપવાનો

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

કાયદો પસાર કરાવી દીધો છે. આજે દેશની સુરક્ષામા આપણા દેશની દિકરીઓની મહત્વની ભૂમિકા છે.

આ કાર્યક્રમમા રાજયનામંત્રીશ્રી મુકેશભાઇ પટેલ, સુરત શહેરના પ્રમુખશ્રી નિરંજનભાઇ ઝાંઝમેરા,સુરત શહેરના મેયરશ્રી દક્ષેક્ષભાઇ માવાણી,ધારાસભ્યશ્રીઓ શ્રી મનુભાઇ પટેલ,શ્રી સંગીતાબેન પાટીલ,સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેનશ્રી રાજનભાઇ પટેલ સહિત જિલ્લાના અને પ્રદેશના આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)